Since 1925...

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા


જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૨૦ • અંક : ૩૫ • તા. ૨૮ ઑગસ્ટ ૨૦૧૭ થી ૩ સપ્ટેમ્બર ૨૦૧૭ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCE/53/2015-17

## પ્રકાશ સમીક્ષાની કેડીને રાજમાર્ગ બનાવનાર તંત્રીશ્રીને ૧૦મી પુણ્યતિથિએ આદરાંજલિ



## શ્રી સનત નરપાર શાહ

ગામ : મોટી સિંધોડી - હાલ : સાયન, મુંબઈ

અરિહંત શરણ : તા. ૩૦-૮-૨૦૦૭

**આદર્શોને વ્યવહાર બનાવતાં વિતાવ્યું જીવન,**
**પત્રકારત્વથી સમૃધ્ધ કર્યું જ્ઞાતિનું સમાજ જીવન,**
**સ્વજનોને શીખવ્યું કેમ વિસ્તારવા સીમાંકન,**
**સદાયે જીવંત પાવન સ્મૃતિને સાદર વંદન!**

આપના સતત સળંગ પાંચ દાયકાથી વિશેષ સમયકાળના તંત્રીપદ અને પત્રકારિત્વના ગૌરવાન્વિત યોગદાનને આ દસમી પુણ્યતિથિએ નતમસ્તક શ્રધ્ધાંજલિ

**પ્રકાશ સમીક્ષા સમિતિ**

*Excellence is the result of always striving to do better with discipline and perseverance!*



Hearty Congratulations to

## Chi. Ankit Rohit Momaya

(Varadiya haal Cochin)

## We are proud of your achievement!

Ankit joins the elite distinguished group of Chartered Accountants of Cochin after CA Bharath Kumar Kuverji Dagha, CA Jalpa Lalit Mota, CA Vishal Bharat Dagha (All India $38^{th}$ rank), CA Shreya Vishal Dagha, CA Bhavya Shantilal Mota, ACS.

**KDO Mahajan, Cochin applauds the stalwarts.**

**Best Wishes:**

Smt. Madhuribai Mulchand Momaya Parivar, Cochin, Smt. Vimalabai Somchand Desai (Lapasiya) Parivar, Mysore and Sri KDO Jain Gnati Mahajan, Cochin

**આદ્યતંત્રીઓ**
''પ્રકાશ''
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા
ઉદયન લાલજી શાહ

**અંક નં. 35/2017**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

**: જાહેરાત સંપર્ક :**
મુકેશ ભવાનજી લોડાયા
**022-2508 4463 / 64 / 65**

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

## તંત્રી સમીપે : શ્રી અનંતનાથજી ટ્રસ્ટ ટ્રસ્ટીઓનો પારદર્શીય અભિગમ જ્ઞાતિમાં વિશેષ સકારાત્મતા સર્જી શકશે?

અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ અનંતસિધ્ધિના પુનર્વિકાસ બાબતે જ્ઞાતિના અગ્રણીઓ અને વ્યવસાયિકોનાં સલાહ-સૂચન મેળવવા અંગેની સભા આગામી ૭ સપ્ટેમ્બરના બોલાવી છે અને તદનુસાર સભામાં ઈચ્છુક જ્ઞાતિજનોને વ્યક્તિગત પત્રો પણ મોકલાયા છે તે માટે ટ્રસ્ટીઓની ઉચિત સરાહના થવી જ જોઈએ એ વિષે બે મત નથી.

ટ્રસ્ટીઓ દ્વારા ઉક્ત સભામાં નવા બિલ્ડીંગનો લે આઉટ તથા પ્લાન, પુનર્વિકાસની તબક્કાવાર સમયાવધિ, પ્રકલ્પના આવક-જાવકનું બજેટ, ઉપાશ્રય, આયંબીલ શાળા, અતિથીગૃહ, હોલ સહિતના સંપૂર્ણ બાંધકામની વિગતો અને ભાડૂતોને એલોટ થનાર ફ્લેટો સહિત વેચાણ માટે ઉપલબ્ધ થનાર ફ્લેટોના ક્ષેત્રફળોની વિગતવાર માહિતી આપતો સ્લાઈડ શો દર્શાવાશે તે બાબત ટ્રસ્ટીઓના પારદર્શીય અભિગમનો નિર્દેશ કરે છે તે બદલ પણ ટ્રસ્ટીઓ યોગ્ય પ્રશંસાના અધિકારી બને છે તેમાં કોઈ અતિશયોક્તિ થતી નથી.

અલબત્ત, સભામાં ઉપસ્થિત થવા ઉચ્છુક અમુક જ્ઞાતિજનોએ ટ્રસ્ટીઓને કેટલીક માહિતી અને નકલો મોકલવા જણાવ્યું છે તે ટ્રસ્ટીઓએ પાઠવી નથી તે આ પારદર્શિતામાં જે કોઈ થોડી કચાશ દર્શાવે છે તેને ટ્રસ્ટીઓ આ સભા પહેલાં દૂર કરશે તેવી હજી પણ અપેક્ષા રહે છે.

તેવી જ રીતે, ઉપરોક્ત જે વિગતે સ્લાઈડ શો દર્શાવવામાં આવશે તેમાંની પ્લાન સિવાયની કોઈ પણ વિગત એવી નથી જે સભામાં ઉપસ્થિત રહેવા ઈચ્છુકોને આગોતરી ન મોકલી શકાય. ટ્રસ્ટીઓએ આ માહિતી સૌ ઉપસ્થિત રહેનાર જ્ઞાતિ અગ્રણીઓ અને વ્યાવસાયિકોને ઓછામાં ઓછું અઠવાડિયા પહેલાં મોકલી દેવી જોઈએ જેથી તે પર પૂરતો અભ્યાસ કરીને સંબંધિતો તેના પર પોતાના વિચારો-સૂચનો વધુ સારી રીતે સભામાં રજુ કરી શકશે. આને કારણે સભાનો ઘણોખરો સમય બચી જશે, જેનો ઉપયોગ વધુ અર્થપૂર્ણ વિચાર વિમર્શમાં કરી શકાશે. ટ્રસ્ટીઓ આ કચાશ પણ વેળાસર દૂર કરશે તેમ સૌ ઈચ્છુકો અપેક્ષા રાખે છે, તે વ્યાજબી જ છે.

અનંતનાથજી ટ્રસ્ટની મિલકતોના પુનર્વિકાસ, વેચાણ કે લાંબા પટ્ટે ભાડે આપવાની બાબતો અંગે પાંચ વર્ષ માટે નીમાયેલ ટ્રસ્ટ બોર્ડ પોતાની મુનસફી કે મરજી પ્રમાણે નિર્ણયો લે તે વાત જ્ઞાતિ અને ખાસ કરીને મુંબઈ મહાજનની પચાસેક વર્ષ પહેલાંની દોઢ સદીની પરંપરા કે તવારીખના પરિપ્રેક્ષ્યમાં તદન વિસંગત ગણાવી જોઈએ. તે વખતના ટ્રસ્ટીઓ પણ તેના અનુરૂપમાં જ્ઞાતિ કે મહાજનને સર્વોપરી ગણી ટ્રસ્ટનો વહીવટ કરતા હતા. અલબત્ત, તે સમયકાળમાં એક પછી એક મિલ્કતો ખરીદતા જવાની અને તે પર જ્ઞાતિજનોના રહેણાંક માટે મકાનોના બાંધકામ કરતા રહેવાની આવશ્યકતા હતી તેથી કોઈ મિલ્કતના પુનર્વિકાસ કે નિકાલ-વેચાણ કરવાનો પ્રશ્ન જ ઊભો થતો ન હતો. આ રીતે, ન કેવળ મસ્જીદબંદર- માંડવીમાં પરંતુ કચ્છ માંડવીમાં પણ જ્ઞાતિજનોને રહેણાક કે અન્ય રીતે સુવિધા પૂરી પાડવાના પ્રયત્નો રૂપે જ્ઞાતિએ ઘણી મિલ્કતો વસાવી હતી. આ બધી મિલ્કતોની ખરીદી-પ્રાપ્તિ માટે જ્ઞાતિને અને મહાજનશ્રીને પૂરેપૂરી રીતે માહિતગાર કરીને વિશ્વાસમાં લઈને કાર્યવાહી થતી હતી તે હકીકત કે મુદ્દો આજના સંદર્ભમાં પણ પ્રસ્તુત ગણવા માટે અનેક કારણો આપી શકાય.

આજે જ્ઞાતિની વસતી સમગ્ર દેશમાં અને વિદેશમાં વ્યાપકપણે પ્રસરેલી છે તેમ છતાં આધુનિક ડીજીટલ યુગમાં પહેલાં ક્યારે પણ ન હતા તેટલા પ્રમાણમાં જ્ઞાતિજનો દરેક

મિનિટે મિનિટે પરસ્પરના સંપર્કવર્તી અને નિકટવર્તી બની ગયા છે અને મુંબઈ મહાજનની પુરોગામી ટીમે સાતેક વર્ષ પહેલાં શરૂ કરેલ અને હજી પણ અમલમાં રહેલી તેમજ છેલ્લા દોઢેક વર્ષથી વસતીપત્રક સમિતિએ તેમાં નવા આયામો ઉમેરેલી સંપર્ક સેતુની પરિયોજનાને કારણે જ્ઞાતિજનો જાણે કે એક જ સ્થળે એકત્ર થયા હોય અને વિચારોની આપ-લે કરી રહ્યા હોય તેવી ભૂમિકા ઊભી થઈ છે. આને લીધે, સમગ્ર જ્ઞાતિના વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય, શિષ્યવૃત્તિઓ અને નિવાસ સુવિધાઓ માટે પૂરેપૂરી સંનિષ્ઠાથી સમર્પિત વિદ્યાર્થીગૃહ અને કન્યા છાત્રાલય જેવી મુંબઈ, જામનગર, ધુલિયાની સંસ્થાઓ સહિત સમસ્ત જ્ઞાતિજનોને તબીબી સહાય સમયસર ઉપલબ્ધ બની રહે તેવી વિવિધ સ્થળોએ સુવિધાઓનું સુચારૂપણે એકસુત્રીય સ્વરૂપનું સંકલન શક્ય બન્યું છે. આમ, જ્ઞાતિજનો દૂર-સુદૂર વિસ્તારમાં વસતા હોવા થતાં વિખરાયેલા નથી અને વળી જ્યારે જ્યારે જ્ઞાતિ સ્તરીય એક યા બીજા પ્રસંગે જ્ઞાતિજનો મળે છે ત્યારે ત્યારે જ્ઞાતિના મુંબઈ, વતન તેમજ દેશાવરોનાં સ્થાનિક મહાજનો અને ટ્રસ્ટોની વિવિધ મિલકતોને લગતાં અને અન્ય પ્રશ્નો પણ સમગ્ર જ્ઞાતિના વ્યાપક સંદર્ભમાં ચર્ચાતા હોય છે, તે પ્રકારનું વાતાવરણ છેલ્લાં દસેક વર્ષથી પ્રચલિત બન્યું છે જે ખરેખર સંતોષનો વિષય છે.

આ રીતે અનંતનાથજી ટ્રસ્ટની અનંતછાયાની મિલકતમાંથી પિસ્તાલીસ કરોડ જેટલી ઉપજ તેમજ અનંતસિધ્ધિમાંથી અન્ય પચાસેક કરોડ જેટલી અપેક્ષિત અંદાજિત આવકના સંયુક્ત સ્ત્રોતનું જ્ઞાતિના વિશાળ હિતમાં આયોજન કરવાની બાબતે સમગ્ર જ્ઞાતિ વિચાર વિમર્શ કરે તે એ કારણસર અત્યંત આવશ્યક બને છે કે જ્ઞાતિની આગામી પચીસેક વર્ષની ન કેવળ મુંબઈ પૂરતી પણ અન્ય મહાનગરો, શહેરો અને દેશાવરોમાં અને મુખ્યત્વે અનંતનાથજી જિનાલયની સમીપમાં જ્ઞાતિ મિલકતોના પુનર્વિકાસને લીધે અને વતનના કચ્છ હાલારના તીર્થો - જિનાલયોના દષ્ટિકોણથી ત્યાં પણ જ્ઞાતિની વસતી ધબકતી રહે તેમજ તે ઉપરાંતની જ્ઞાતિજનોની શૈક્ષણિક સ્વાસ્થ- તબીબી, આવાસ-નિવાસની જરૂરિયાતોને અનુલક્ષીને એક સુરેખ પરિકલ્પનામય ચિત્ર-નકશાને આકાર આપવાની વિચારણા સૌ જ્ઞાતિજનો સાથે મળીને કરે તે એક આદર્શ દષ્ટિબિંદુ છે અને તેટલી વ્યવહારિકપણે શક્ય વાત પણ છે.

એટલે જ, અનંતનાથજી ટ્રસ્ટે બોલાવેલ જ્ઞાતિ અગ્રણીઓ-વ્યાવસાયિકોની ઉક્ત સૂચિત સભામાં અનંતસિધ્ધિના પુનર્વિકાસ બાબતે તે મિલકતના બજારક્ષમ ટાઈટલ્સ શક્ય બને તે સંદર્ભે તેના મૂળભૂત ઉદેશોની આંશિક પૂર્તતા માટે જરૂરી કાનૂની કાર્યવાહી અને જાહેર ટ્રસ્ટ માટે અને ખાસ કરીને અનંતનાથજી ટ્રસ્ટની હાઈકોર્ટે મંજુર કરેલ સ્કીમને અનુલક્ષીને સૂચિત ફ્લેટોના વેચાણ પર નિષેધ હોવાની કાનૂની પરિસ્થિતિ સહિતના અન્ય વિવિધ પાસાંઓને અનુલક્ષીને ''અનંતસિધ્ધિ''ના પુનર્વિકાસની બાબતે ઉપયુક્ત સાવધાની - સાવચેતીપૂર્વક પગલાં લેવા અંગે જ્ઞાતિ અગ્રણીઓ/વ્યવસાયિકોનાં સ્વભાવિકપણે વિવિધ સલાહ-સૂચનો મળશે તેમજ ટ્રસ્ટીઓએ તૈયાર કરેલ યોજનાના બદલે વૈકલ્પિક યોજનાઓની રજુઆત થશે તે વિષે ટ્રસ્ટીઓ પૂર્વગ્રહ રહિત અને સર્વ સમાવિષ્ટ દષ્ટિકોણ અપનાવી જ્ઞાતિમાં સકારાત્મક વાતારણ માહોલ સર્જવા માટે પ્રતિબધ્ધ બને અને એ રીતે જ્ઞાતિની અન્ય સંસ્થાઓ, ટ્રસ્ટો, મહોજનોના સંચાલકોને પોતાના સ્ત્રોતોના આયોજન સંદર્ભે પારદર્શી અભિગમ અપનાવી વિશાળ જ્ઞાતિ સ્તરીય પરિપ્રેક્ષ્યમાં જ્ઞાતિના અગ્રણીઓ અને વ્યવસાયિકોનાં સલાહ સૂચન મેળવવાના હેતુસર પ્રવૃત્ત થવા પ્રેરિત કરે તેવી અપેક્ષા રાખીએ.

- રા.


**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer

Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Mulund (W), Mumbai - 400 080.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti

For Mobile App Transfer
Our MMID Code : 8359036

You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of **"C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.

# શ્રી વીરજી લધાભાઈ ક.દ.ઓ જૈન વિદ્યાર્થીગૃહ, ઘાટકોપર
# શ્રી ભવાનજી અરજણ ખીમજી એજ્યુકેશનલ કેમ્પસ ૧૫મી ઑગષ્ટ, સ્વતંત્રતા દિનની ઉજવણી

ગત ૧૫મી ઑગષ્ટ, સ્વતંત્રતા દિનની ઉજવણી નિમિતે વિદ્યાર્થીગૃહ ખાતે વિદ્યાર્થીઓ તથા કન્યાછાત્રાલયની વિદ્યાર્થીનીઓના સંગાથે ધ્વજવંદન તથા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ.

કાર્યક્રમની શરૂઆત રીટાયર્ડ આ. પોલીસ કમીશનર પ્રતાપભાઈ ધરમશી, (અતિથિ વિશેષ)ના હસ્તે ધ્વજવંદનથી થયેલ. ત્યારબાદ શ્રી પ્રતાપભાઈએ ઉપસ્થિતોને તેમનો પરિચય આપી દેશ તથા સમાજ માટે પ્રત્યેકની જવાબદારી તથા વિદ્યાર્થીઓને એમના જીવનનો ધ્યેય નક્કી કરવાની સમજણ આપેલ. તેમણે વિદ્યાર્થીગૃહ તથા કન્યાછાત્રાલય સાથેના તેમના વર્ષો જુના સંબંધોની જાણ કરતા ભવિષ્યમાં તેમની બન્ને સંસ્થાઓ માટે સેવા કરવાની તૈયારી બતાવેલ.

અન્ય ઉપસ્થિતોમાં સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓ શીવજીભાઈ કુંવરજી વિકમશી, હંસકુમાર ભવાનજી ખીમજી, હીરાચંદ દંડ, કમલેશ વીકમશી, હેમાંગ ધરમશી, રવીન્દ્ર શાહ, શ્રીમતી દમયંતી ચાંપશી લોડાયા, શ્રીમતી હેમા છેડા હાજર રહ્યા હતા. વ્યવસ્થાપક સમીતીના પ્રમુખ તથા ટ્રસ્ટી મધુકાંત ખોના, માનદ્‌મંત્રી નરેશ મોમાયા, સહમાનદમંત્રી શ્રીમતી કશ્મિરા લુઠીયા, સભ્ય હેમરાજ ગોસર, શ્રીમતી દિપ્તિ ધરમશી, અનુજ લોડાયા તેમજ કન્યાછાત્રાલયના પ્રમુખ શ્રીમતી વિમલા ગોસર, શ્રીમતી મૃદુલા દંડ તથા શ્રીમતી પ્રિતી જૈન પણ હાજર રહ્યા હતા.

શીવજીભાઈએ પ્રસંગોચિત પ્રવચનમાં ગુલામીના દિવસો તથા ૧૫ મી ઑગષ્ટ ૧૯૪૭ના ભારતને મળેલ આઝાદીની ખુશીમાં દિવસ અને રાતભર ભારતીયોએ મનાવેલ ઉજવણીનો પોતાનો સ્વઅનુભવ ઉપસ્થિતોને જણાવેલ. સાથે સાથે સંસ્થાના મુખ્યદાતા શેઠ હંસકુમારના વડીલ શ્રી ભવાનજીભાઈએ આઝાદી અર્થે ભજવેલી ભૂમિકાથી પણ સર્વેને વાકેફ કર્યા હતા.

શેઠ હંસકુમાર ખીમજીએ પોતાના વ્યક્તત્વમાં આઝાદી આપવામાં મહત્વની ભૂમિકા ભજવેલ નેતાઓનો પરિચય આપી ઉપસ્થિતોને ઈતિહાસથી માહિતગાર કર્યા હતા.

વિદ્યાર્થી તથા વિદ્યાર્થીનીઓએ પણ ૧૫મી ઑગષ્ટને અનુરૂપ દેશભક્તિના પ્રવચન આપેલ. તેમજ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમમાં દેશભક્તિ, આતંકવાદ તથા સ્વચ્છ ભારત જેવા વિષયોને આવરતી નાટ્યરૂપકોની સરસ રજૂઆત કરી હતી.

વિદ્યાર્થીસંઘના સ્થાપક તેમજ પ્રથમ પ્રમુખ શીવજીભાઈ વીકમશીની હાજરીમાં તેમજ વિદ્યાર્થી સંઘના હાલના પ્રમુખ તેજસ ખોના, માનદમંત્રી હેમીલ લોડાયા અને અન્ય સભ્યોની ઉપસ્થિતિમાં વિદ્યાર્થીસંઘના ૬૪માં વર્ષમાં પ્રવેશની ઉજવણી કાર્યક્રમ દરમ્યાન કરવામાં આવી.

કાર્યક્રમના સમાપન પ્રવચનમાં માનદ્‌મંત્રી નરેશભાઈએ ઉપસ્થિત સર્વેનો આભાર વ્યક્ત કર્યો હતો તેમજ કાર્યક્રમમાં સહભાગી થયેલ સર્વે વિદ્યાર્થી તથા વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહિત પુરસ્કાર આપવાની જાહેરાત કરી સર્વેને અલ્પાહારનું આમંત્રણ આપી કાર્યક્રમ સમાપ્ત કરેલ.






## પરબ
શક્તિ સંજીવની સોસાયટી

# પરબ શક્તિ સંજીવની સોસાયટીનું

## "જાગૃતિ અભિયાન"

### એક્સપર્ટસ સાથે સેમિનાર

અતિથિ વક્તાઓ :

શ્રી રાજીવ લુઠીયા (ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ)        સુશ્રી ઝરણા ખોના (સોલિસિટર)

**KDO** જ્ઞાતિજનોમાં આર્થિક આંટીઘૂંટીઓની સમજ અને કાયદાકીય અધિકારોનું જ્ઞાન વધે, અને વખત આવ્યે તેઓ કોઈ પણ કટોકટીને પહોંચી વળવા સક્ષમ બને તે હેતુથી પરબે આ એક દિવસીય શિબિર યોજી છે.

દિવસ/તારીખ : **શનિવાર ૦૯/૦૯/૨૦૧૭** સમય : **સાંજે ૪.૩૦ થી ૮.૦૦**

**સ્થળ :** ફ્રેંડ્સ કો-ઓપરેટિવ એજ્યુકેશન સોસાયટી હોલ, સાગર ગાર્ડન સોસાયટી પાસે, હોલમાર્ક કોમર્શિઅલ કોમ્પ્લેક્સ સામે, એલ. બી. એસ. માર્ગ, મુલુન્ડ (પશ્ચિમ), મુંબઈ - ૪૦૦૦૮૦.

**ખાસ નોંધ :** પુરૂષો અને મહિલાઓ બન્ને માટે • રૂા. ૧૦૦/- ના દરે આગોતરૂં રજિસ્ટ્રેશન અનિવાર્ય છે. • ૪.૩૦ થી ૫.૦૦ દરમ્યાન હાઈ-ટી.

**સંપર્ક :**
૯૮૨૧૯૧૩૮૮૭ (દમયંતી શાહ)- ઘાટકોપર    ૯૩૨૪૦૮૫૮૯૨ (બિનાકર વિકમશી)- વડાલા
૯૮૨૦૯૬૬૯૬૬ (વિરાજ પુલ્લા)- મુલુંડ    ૯૩૨૦૦૬૫૮૨૫ (દીપ્તિ લોડાયા)- મસ્જિદ બંદર

**જાણો અવશ્ય, તો સુરક્ષિત ભવિષ્ય**    * Valet Parking available


### જાહેરાત કર્તાઓ એ નોંધ લેવા વિનંતી.

આપ સૌ જાણો છે કે ૧ જુલાઇ ૧૭થી **GST** અમલમાં આવેલ છે. જે મુજબ કાનુની નોંધણી થયા પછી જાહેરાત પર **5% GST** લાગશે. તેની સૌએ નોંધ લેવી.

**પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર + 5% GST**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા


**કલા – કસબ અને કલરનો અનોખો સમન્વય**

જ્યોતિ

સિલ્ક સાડી એમ્પોરીયમ

*Sachi Jari maate real nam*

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
**Tel.: 2404 3995** / રવિવારે બંધ **Sunday Closed**
**Originally at Zaveri Bazar since 1976**


### પૂ. તત્વપ્રજ્ઞાશ્રીજી મ.સા. કાલધર્મ પામ્યા

૨૪-૮-૨૦૧૭ ના સવારે પૂ. ચારૂલતા મ.સા. ના શિષ્યા પૂ. તત્વપ્રજ્ઞાશ્રીજી મ.સા. કાલધર્મ પામ્યા છે.

### અરિહંત બેંક

આધારભૂત સાધનો દ્વારા જાણવા મળ્યું છે કે અરિહંત બેંકના ભૂતપૂર્વ ચેરમેન અને વર્તમાન ડાયરેક્ટર મહેન્દ્ર દેવજી ખોનાએ બોર્ડ ઓફ ડાયરેક્ટરમાંથી રાજીનામું આપ્યું છે, જે અંગેનો નિર્ણય બોર્ડની હવે પછીની સભામાં લેવાશે.

**સંસ્થા સમાચાર શક્ય એટલા ટૂંકા મોકલવા અન્યથા જાહેરાત આપવી :** વિગતવાર નામો, ઉછામણી, સંઘપૂજન, પ્રભાવના જેવી વિગતો સમાચારમાં પ્રગટ થતી નથી. કાર્યક્રમમાં નવકાર મંત્ર પઠન થયું, કયા મહાનુભાવોએ દિપ પ્રાગટ્ય કર્યું, શાની પ્રભાવના થઈ કે સંઘપૂજન કેટલું થયું, કેવો આહાર લીધો કયા મહાનુભાવો પધાર્યા એવી ઔપચારિકતાની વિગતોને બદલે કાર્યક્રમની મુખ્ય વિગતો જ મોકલવી તેમ છતાં જાહેરાતના માધ્યમ દ્વારા આવી વિગતવાર માહિતી આપી શકાશે.

## આરોગ્ય પ્રકાશ : આરોગ્ય માટે ઉપયોગી માહિતી - ભાગ ૩

- ડૉ. વીરચંદ લખમશી નાગડા, M.B.B.S. (Bom), મુલુંડ, M : 09757303562 / 07069621931


**૯) કંપવા :** કેનેડાની મોન્ટ્રીયલ ન્યુરોલોજીકલ ઈન્સ્ટીટ્યુટના મુખ્ય સંશોધક શ્રીમતી વેલોરી સાલીમપૂર અને તેની ટીમના અભ્યાસના પરિણામો સૂચવે છે કે સંગીત અને ડાન્સ થેરેપી 'પારકીન્સંસ' એટલે કે કંપવાની બિમારીમાં ખૂબ જ અસરકારક થાય છે. આ બિમારીમાં લોહીમાંનું 'ડોપામાઈન' નામનું કેમીકલ ઘટી જાય છે તેથી સામાન્યપણે મગજ શરીરના હાથપગ, આંગળીઓ, બીજા અંગોનું હલનચલન વ્યવસ્થિત ચલાવે છે તેની પર અસર થાય છે અને હાથની આંગળીઓ, હાથ અને શરીરના અંગોનું હલનચલન વ્યવસ્થિત થવાને બદલે દર્દીના નિયંત્રણ વગર હલવા લાગે છે, કંપવા લાગે છે. શ્રીમતી વેલોરીના સંશોધન પ્રમાણે સંગીત અને નૃત્યથી લોહીમાં ડોપામાઈનનું પ્રમાણ વધે છે અને પારકીન્સંસના દર્દીઓને પુષ્કળ ફાયદો થાય છે. ડૉક્ટરે લખેલ ગોળીઓ સાથે નિરાશાને દૂર ભગાડી, 'વીલપાવર' મજબુત કરી એટલે કે મનને મજબુત કરી સંગીત અને નૃત્યને જીવનમાં અપનાવી કંપવામાં ઘણી રાહત મેળવી શકાય છે. ભક્તિ સંગીત, જુના ફિલ્મી ગીતો જે વિવિધ રાગોપર આધારીત છે, શાસ્ત્રીય સંગીતમાં વધુ ને વધુ રસ લેવો. આ દર્દીઓએ નૃત્યમાં પણ રસ લેવો જોઈએ. આજના ટી. વી. અને સ્ટેજ પર કોમ્પીટીસનના જમાનામાં પુરૂષો પણ નૃત્યમાં ભાગ ભજવે છે, વિવિધ નૃત્યો કરે છે. આ દર્દીઓએ નૃત્ય પણ શીખવા પ્રયત્ન કરવો જોઈએ. નૃત્ય અને સંગીતને જીવનમાં અપનાવી કંપવામાં રાહત મેળવી શકે છે.

**૧૦) ઑલીવ ઑઈલ (જેતુનનું તેલ) :** આ તેલ ઑલીવ નામના ફળમાંથી મળે છે. એ મોનો અનસેચ્યુરેટેડ ફેટી ઍસીડ ઑઈલ છે જેને ટુંકમાં 'મુફા' (MuFa) કહે છે. આ તેલ થોડુ મોંઘુ છે પણ એનો ખોરાકમાં ઉપયોગ કરવાથી લોહીમાં કોલેસ્ટ્રોલની કુલ માત્રા ઘટે છે, એલ. ડી. એલ (ખરાબ કોલેસ્ટ્રોલ) ઘટે છે અને તેથી હાર્ટઍટકની શક્યતા ઘટે છે. ગ્રીસ, ઈટલી અને સ્પેનમાં એનો ઉપયોગ ખાવામાં કરવામાં આવે છે એટલે આ દેશોમાં હાર્ટઍટેકના કેસ બીજા દેશો કરતાં ઘણા ઓછા થાય છે. કુલ કેલેરીનો ૧૫% ચરબીનો ભાગ ઑલીવ ઑઈલ તરીકે લેવો. એમાં વિટામીન 'ઈ' હોય છે જે શ્રેષ્ઠ એન્ટીઓક્સિડન્ટ છે જેને કારણે શરીરમાં પ્રવેશેલા ટોક્સીન્સ - ઝેરી પદાર્થો અને બૅક્ટેરીઆ, વાયરસ, ફંગસ અને એલર્જન્સને કારણે ઉત્પન્ન થતા ફ્રી રેડિકલ્સનો શરીરમાંથી નાશ થાય છે. એથી કેન્સર અને બીજી બિમારીઓ શરીરમાં ઉત્પન્ન થતી અટકે છે. જુની કબજીયાતવાળાએ સવારે ખાલી પેટે એક ચમચી ઑલીવ ઑઈલ સાથે એક લીંબુનો રસ ભેળવી પીવું. સવારે ભૂખ્યા પેટે ઑલીવ ઑઈલ લેવાથી પાચન સારું થાય. ગૅસ, એસીડીટી, આફરો, પેટની ગડબડમાં રાહત મળે છે. હોજરી, આંતરડામાં ચાંદા (અલ્સર) થતા અટકે છે. નિયમિત લેવાથી બેઝબ મેટાબોલિક રેટ (ચયાપચયના દર) સુધરે છે અને વજન વધુ હોય તો ઘટે છે. ભૂખ્યા પેટે આ નિયમિત લેવાથી હાય બી.પી. કાબુમાં રહે છે. અમેરીકામાં થયેલાં સંશોધનો પ્રમાણે કેન્સર સામે રક્ષણ મળે છે. ચામડી પર માલીશ કરવાથી, કરચલી જલ્દી પડતી નથી. ચામડીપર ઉજરડા પડ્યા હોય કે વાગ્યું હોય તો ઑલીવ ઑઈલ લગાવવાથી જલ્દી રૂઝ આવે છે કાનમાં દૂખે કે ખંજવાળ આવે તો રૂ ના પૂમડાને ઑલીવ ઑઈલમાં ડૂબાડી રાત્રે કાનમાં મૂકી સુઈ જાવ, સવારે કાઢો, રાહત થશે. ઑલીવ ઑઈલનો તળવામાં ઉપયોગ ન કરો કારણ કે એમ કરવાથી એમાંના એન્ટીઑક્સિડન્ટનો નાશ થાય છે. એમને એમ લેવું કે સલાડમાં ભેળવવું.

**૧૧) કાળી જીરી :** કાળી જીરીને કલોંજી કે 'બ્લેક સીડસ્' કહે છે. દુનિયામાં મસાલામાં પહેલા નંબરે કાળા મરી અને પછી કાળી જીરીનો ઉપયોગ થાય છે. ગૅસ, પેટની તકલીફમાં આસરે ૪૦ દાણા અથવા પાવડર રૂપ હોય તો નાની એક ચમચી હુંફાળા પાણી સાથે લેવાથી ફાયદો થાય છે. કાળી જીરી કડવી હોવાથી લોહીમાં સાકરનું પ્રમાણ જાળવે છે તેથી ડાયાબીટીસના દર્દી માટે ફાયદાકારી છે. ૨ ચમચી કાળી જીરી, ૪ ચમચી અજમો, ૧૦ ચમચી મેથીના દાણા આ દરેકને શેકી પાવડર કરી કાચની બાટલીમાં ભરી રાખવા. રોજ સાંજે કે રાત્રે હુંફાળા પાણી સાથે નાની ૧ ચમચી આ પાવડર લેવાથી ગૅસ, પાચનને લગતી, ભૂખને લગતી તકલીફો, સાંધાની તકલીફો વગેરે ઘણી તકલીફો દૂર થાય છે. કાળી જીરીના તેલનો સાયનસની તકલીફ (સાયનુસાઈટીસ) હોય તેણે રોજ ૩ ટીપાં નાકમાં નાંખવાથી આ તકલીફ દૂર થાય છે કાળી જીરીના ૫૦ દાણાથી વધારે એક સમયે ન લેવા. તેમજ સગર્ભા સ્ત્રીઓએ એનો ઉપયોગ ન કરવો. કાળીજીરીનું તેલ ગરમ કરી, ગરમ કરેલા ઑલીવ ઑઈલમાં નાખી ૨-૩ દિવસ રાખી મૂકવું પછી આ મિશ્રણ વાળમાં લગાડવાથી વાળ તંદુરસ્ત રહે છે. કાળી

૯) **કંપવા :** કેનેડાની મોન્ટ્રીયલ ન્યુરોલોજીકલ ઈન્સ્ટીટ્યુટના મુખ્ય સંશોધક શ્રીમતી વેલોરી સાલીમપૂર અને તેની ટીમના અભ્યાસના પરિણામો સૂચવે છે કે સંગીત અને ડાન્સ થેરેપી 'પારકીન્સંસ' એટલે કે કંપવાની બિમારીમાં ખૂબ જ અસરકારક થાય છે. આ બિમારીમાં લોહીમાંનું 'ડોપામાઈન' નામનું કેમીકલ ઘટી જાય છે તેથી સામાન્યપણે મગજ શરીરના હાથપગ, આંગળીઓ, બીજા અંગોનું હલનચલન વ્યવસ્થિત ચલાવે છે તેની પર અસર થાય છે અને હાથની આંગળીઓ, હાથ અને શરીરના અંગોનું હલનચલન વ્યવસ્થિત થવાને બદલે દર્દીના નિયંત્રણ વગર હલવા લાગે છે, કંપવા લાગે છે. શ્રીમતી વેલોરીના સંશોધન પ્રમાણે સંગીત અને નૃત્યથી લોહીમાં ડોપામાઈનનું પ્રમાણ વધે છે અને પારકીન્સંસના દર્દીઓને પુષ્કળ ફાયદો થાય છે. ડૉક્ટરે લખેલ ગોળીઓ સાથે નિરાશાને દૂર ભગાડી, 'વીલપાવર' મજબુત કરી એટલે કે મનને મજબુત કરી સંગીત અને નૃત્યને જીવનમાં અપનાવી કંપવામાં ઘણી રાહત મેળવી શકાય છે. ભક્તિ સંગીત, જુના ફિલ્મી ગીતો જે વિવિધ રાગોપર આધારીત છે, શાસ્ત્રીય સંગીતમાં વધુ ને વધુ રસ લેવો. આ દર્દીઓએ નૃત્યમાં પણ રસ લેવો જોઈએ. આજના ટી. વી. અને સ્ટેજ પર કોમ્પીટીસનના જમાનામાં પુરૂષો પણ નૃત્યમાં ભાગ ભજવે છે, વિવિધ નૃત્યો કરે છે. આ દર્દીઓએ નૃત્ય પણ શીખવા પ્રયત્ન કરવો જોઈએ. નૃત્ય અને સંગીતને જીવનમાં અપનાવી કંપવામાં રાહત મેળવી શકે છે.

૧૦) **ઑલીવ ઑઈલ (જેતુનનું તેલ) :** આ તેલ ઑલીવ નામના ફળમાંથી મળે છે. એ મોનો અનસેચ્યુ રેટેડ ફેટી ઍસીડ ઑઈલ છે જેને ટુંકમાં 'મુફા' (MuFa) કહે છે. આ તેલ થોડુ મોંઘુ છે પણ એનો ખોરાકમાં ઉપયોગ કરવાથી લોહીમાં કોલેસ્ટ્રોલની કુલ માત્રા ઘટે છે, એલ. ડી. એલ (ખરાબ


રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સક્લુઝીવ ડ્રેસ માટે
Since 1982...
Lagna Deep
બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229




॥ પરમ તારક પરમાત્મા શ્રી વાસુપૂજ્ય સ્વામિને નમઃ ॥
॥ શ્રી આર્ય-જય-કલ્યાણ-ગૌતમ-નીતિ-દાન-નેમ-ગુણ-ગુણોદયસાગરસૂરીશ્વરેભ્યો નમઃ ॥

**શ્રી મુલુંડ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ**

તપચક્રવર્તી, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી **ગુણોદયસાગરસૂરીશ્વરજી** મ.સા. ના આજ્ઞાવર્તિની પ્રવર્તિની મહત્તરા પ.પૂ.સા.શ્રી **રત્નરેખાશ્રીજી** મ.સા. ના શિષ્યા પ.પૂ. સાધ્વીશ્રી **લક્ષ્યલીનાશ્રીજી** મ.સા. ના આદિ ઠાણા ૩ ની નિશ્રામાં
શ્રી વાસુપૂજ્ય સ્વામી જિનાલયના સંઘમાં ધર્મની હેલી ચડી છે.
પર્યુષણ પર્વમાં વ્યાખ્યાન-પ્રતિક્રમણ-સામાયિ-ભાવના-પૌષધ-તપસ્યામાં વિક્રમી સંખ્યામાં લોકો જોડાઈ રહ્યા છે.
ભાદરવા સુદ-૨ મહાવીર જન્મ વાંચનના ૧૪ સ્વપ્નની ઉછામણીમાં ૩૫૦૦થી વધુ શ્રાવક-શ્રાવિકાઓએ ઉછળતા હૈયે પ્રસંગ ઉજવ્યો.

પૂ. સાધ્વીજી ભગવંતો જેઓ વય તથા દિક્ષા પર્યાયમાં નાના હોવા છતાં પૂ. અચલગચ્છાધિપતિશ્રી પ્રત્યેની શ્રદ્ધા તથા પોતાના ગુરુ પ્રત્યેના સમર્પણભાવથી અત્યંત સરળ, સચોટઅને ધારદાર શૈલીમાં વ્યાખ્યાન દરમ્યાન ફરમાવી રહ્યા છે.

જેમાં સૌથી મહત્વની વાત આપણા ગચ્છને સમર્પિત રહેવાની કરી છે.

આપના ગચ્છમાં શું-શું નથી? શું આ આપણા ગચ્છાધિપતિશ્રીના અખંડ તપનો પ્રભાવ નથી કે આપનો ગચ્છ ફુલ્યો ફાલ્યો છે. મૌનપણે પૂ. શ્રીની ઈચ્છામાત્રથી આપણા ગચ્છના મોટા મોટા કાર્યો એમના આશિર્વાદથી થઈ રહ્યા છે ?

ઉપરાંત આપણા ગચ્છમાં યુવાન સાધુભગવંતો પ્રખર પ્રવચનકાર તરીકે તૈયાર થઈ રહ્યા છે. પ્રત્યેક સાધુ-સાધ્વીજી ભગવંતો પોતાની નિષ્ઠા તેમજ સંઘ પ્રત્યેના સમર્પણ ભાવથી શાસનના ઉત્કર્ષ માટે ગચ્છને ઉજળો બનાવવા માટે ઘસાઈ રહ્યા છે.

પૂજ્યશ્રીએ અચલગચ્છની સરળતાની મુખ્યતા દર્શાવી ગચ્છને સમર્પિત થઈ તેને શિખરે પહોંચાડવાની પ્રેરણા કરી છે. પોતાની અંતરની ઈચ્છા પ્રદર્શિત કરી જેને સર્વ અધિકારીગણ તેમજ સકળશ્રી સંઘે વધાવી અને સ્વીકારી છે.

**શ્રી મુલુંડ શ્વે.મૂ. જૈન સંઘનું સ્વપ્ન ઘૃત મણ : ૩૧.૫૨.૩૪૦ મણ**

ઘોડીયા પારણાના ચડાવાના લાભાર્થી
**શ્રીમતી કમળાબેન કેશવજી ગાલા (ગામ દેવપુર)**
જેની શોભાયાત્રા ભાદરવા સુદ-૩, તા. ૨૪-૮-૨૦૧૭ ના વ્યાખ્યાન બાદ સકળ સંઘની હાજરીમાં તેમના નિવાસ સ્થાનેથી વાજતે ગાજતે નીકળેલ.
પ.પૂ.સા.શ્રી લક્ષ્યલીનાશ્રીજી મ.સા. ના મુખેથી સાધર્મિક ભક્તિનું મહત્ત્વ સમજાવતાં તુરંત નીચેના ત્રણ પરિવારોએ ભગવાન જન્મ વાંચનના દિવસે સાધર્મિક ભક્તિના દાતા તરીકેનો અણમોલ લાભ લીધેલ.

મહાવીર જન્મ વાંચનના દિવસે બપોરની સાધર્મિક ભક્તિના લાભાર્થી
**શ્રીમતી દમયંતીબેન દેવચંદ ભવાનજી નાગડા (નરેડી)**
**શ્રીમતી હિરાવંતીબેન વિશનજી ચનાભાઈ નાગડા (વીઢ)**

સાંજની સાધર્મિક ભક્તિના લાભાર્થી
**શ્રીમતી નવલબેન ભાણજી માણેક પાસડ (શેરડી)**
**લાભાર્થી પરિવારોની ભૂરી ભૂરી અનુમોદના...**
બપોર અને સાંજ જમણમાં ૩૫૦૦ થી પણ વધુ શ્રાવક-શ્રાવિકાઓએ સાધર્મિક ભક્તિનો લાભ લીધેલ.

**તપસ્વીઓનું સમૂહ બહુમાન**
**ભાદરવા સુદ-૪ ના ૮ ઉપવાસથી વધુ તપશ્ચર્યા કરનાર તપસ્વીઓનું બહુમાન વ્યાખ્યાન બાદ કરવામાં આવશે.**

ભાદરવા સુદ-૬, રવિવારના સવારે ૮.૦૦ ક. તપસ્વીઓના પારણાના લાભાર્થી
**માતુશ્રી હંસાબેન વસનજી ભાણજી છેડા (ગામ મોટા આસંબિયા)**
**ચિ. રાજેશ છેડાના માસક્ષમણની તપસ્યા નિમિત્તે**

**ચૈત્યપરિપાટી સ્વરૂપે પધારનાર સર્વે સંઘોને નમ્ર વિનંતી.**
આપના આગમનની જાણ અગાઉથી કરશો,
જેથી આપની સગવડતા સાચવવામાં સુગમતા રહે.
સંપર્ક : દિનેશભાઈ - ૨૫૬૮ ૧૧૭૦ / ૨૫૬૭ ૧૧૭૦
લી. : ચેતન ખેરાજ દેઢિયા • મનોજ મુલચંદ શાહ - મંત્રીઓ

|| શ્રી સુમતિનાથાય નમઃ ||

# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહારાષ્ટ્ર એકમ

C/o. મે. વિરચંદ નરસી, પો.બૉ. નં. ૧૧, મલકાપૂર - 443 101 (જી. બુલડાણા)

**Tel.: (07267) 222032, 222232, Gram : KUMAR**

## યુવા તથા મહિલા મંચના કાર્યક્રમની રૂપરેખા
## નવી સોચ અને ઉમંગ સાથે નવી ઉડાન

**16-09-2017 થી 17-09-2017**

તા. **16-09-2017** વાર શનિવાર

| | | |
|---|---|---|
| સવારના ૯.૦૦ થી ૯-૨૦ | - | મહિલા તથા યુવા મંચના સત્રનુ ઉદ્‌ઘાટન |
| સવારના ૯.૨૦ થી ૧૦.૨૦ | - | Empowerment " Reinvest in Relationship "<br>by - **Mrs. Divya Sameer Momaya**, Mumbai |
| સવારના ૧૦.૨૫ થી ૧૧.૦૦ | - | Workshop " One Step towards becoming Crorepati "<br>by - **Mr. Hitesh B. Shah**, Mumbai |
| સવારના ૧૧.૦૦ થી ૧૨.૦૦ | - | Business / Startup " Gyan Samajh & Tandurusti (GST)."<br>by - **Mr. Tejas Dinesh Shah**, Pune |
| બપોર ૧.૦૦ થી ૧.૩૦ | - | Creative Creation<br>by- **Karanja & Murtijapur Mahila Manch** |
| બપોર ૧.૩૦ થી ૪.૧૫ | - | Creative Creation<br>by- **Karanja & Murtijapur Mahila Manch** |
| બપોર ૪.૧૫ થી ૫.૦૦ | - | મહિલા મંચની મિટીંગ |
| રાત્રે ૭.૦૦ થી ૧૧.૦૦ | - | સાંસ્કૃતિક કાર્યક્રમ, દાંડીયા |

તા. **17-09-2017** વાર રવિવાર

| | | |
|---|---|---|
| સવારના ૭.૩૦ થી ૮.૩૦ | - | ખામગાંવ સ્પેશલ |
| સવારના ૮.૩૦ થી ૧૧.૧૫ | - | **Social : Healing by Bhaktamber Stotras**<br>by - **Manju Jain, Nagpur** |
| સવારના ૧૧.૧૫ થી ૧૨.૦૦ | - | મહિલા મંચના અને યુવામંચના સત્રનુ સમાપન |
| બપોર ૧.૩૦ થી ૪.૩૦ | - | મહારાષ્ટ્ર એકમની જનરલ મિટીંગ |

**ટિપ :** ૧) કાર્યક્રમમાં ફેરફાર કરવાનો અધિકાર સમિતીને રહેશે. ૨) ખામગાંવ આગમનની સુચના પહેલા મોકલવા વિનંતી. ૩) ભોજનની વ્યવસ્થા કાર્યક્રમ સ્થળે રાખવામાં આવેલ છે.

મહિલા મંચ માનદ મંત્રી
**પ્રતિભા ભરતકુમાર દંડ** (મલકાપૂર)

મહિલા મંચ અધ્યક્ષ
**હીરાબાઈ ગોવિંદજી લોડાયા** (ખામગાંવ)

**સંપર્ક**

| | | | | |
|---|---|---|---|---|
| **અનિલભાઈ વિક્રમસી** | **હિરેન લોડાયા** | **કુંજન લોડાયા** | **હેતલ નાગડા** | **અક્ષય વિક્રમસી** |
| **9422180125** | **9822708998** | **8087711449** | **7038244475** | **7875889898** |

॥ શ્રી સુમતિનાથાયનમઃ ॥

# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહારાષ્ટ્ર એકમ

## તા. 31-3-2017 ના દિવસે સમાપ્ત થયેલ વર્ષનો આવક જાવકનો હિસાબ

| જાવક | | આવક | |
|---|---|---|---|
| બેંક કમિશન | 232.00 | ફિક્સ ડીપોઝીટ વ્યાજ | 169317.40 |
| સ્ટેશનરી પ્રિંટીંગ | 16100.00 | તથા બેંક વ્યાજ ના | |
| ટ્રસ્ટના ઉદ્દેશો અંગે ખર્ચ | | ડિવિડંડ | 95.00 |
| માનવ ઉત્કર્ષ | 120000.00 | સાધર્મિક સહાયતા | 96944.00 |
| શૈક્ષણિક સહાયતા | 202843.00 | શૈક્ષણિક ફંડ | 11101.00 |
| | | આવક કરતા જાવક વધારે | 61717.60 |
| | 339175.00 | | 339175.00 |

## સરવૈયુ તા. 31-3-2017

| ફંડ અને જબાબદારીયો | | મીલકત | |
|---|---|---|---|
| આજીવન સભાસદ ફી | 167357.00 | રોકડા | 253.36 |
| માનવ ઉત્કર્ષ ફંડ | 150784.00 | ફિક્સ ડિપોઝીટ | 2159556.00 |
| મહિલા મંચ | 62598.00 | આયડીબીઆય સેવીંગ ખાતે | 72306.01 |
| શૈક્ષણિક સહાયતા ફંડ | 1710221.54 | જનતા કમ.બેંક સેવીંગ ખાતે | 56931.17 |
| યુવા પ્રેરણા ફંડ | 15745.00 | મલકાપૂર અર્બન બેંક સેવીંગ ખાતે | 264039.00 |
| Corpus Fund | 438069.00 | મહેશ અર્બન બેંક સેવીંગ ખાતે | 2091.00 |
| સાધર્મિક વૈદ્યકિય સહાયતા | 11400.00 | શેઅર્સ જનતા કમર્શિયલ | 1000.00 |
| | 2556174.54 | | 2556174.54 |

લી.

શ્રી. કચ્છી દશા ઓસવાલ જૈન મહારાષ્ટ્ર એકમ

તા. 31-3-2017

ખજાનચી

**ઉત્તમચંદ દેવશીભાઈ દંડ (મલકાપૂર)**

# જનરલ સભાનું એજન્ડા

મહારાષ્ટ્ર એકમની જનરલ સભા રવિવાર ૧૭ આક્ટોમ્બર ૧૭ ખામગાંવ મુકામે બપોરના ૧.૩૦ કલાકે

**પ્રમુખ શ્રી તિલોકચંદભાઈ નરશીભાઈ દંડ ના અધ્યક્ષતાંમા**

નીચે મુજબના વિષયો ઉપર ચર્ચા વિચારણા કરવા બોલાવવાંમા આવેલ છે.

સર્વેને સમયપર હાજરી આપવા વિનંતી છે.

**વિષય**

1) શ્રદ્ધાંજલી
2) પાછળની મિનીટ બુક વાંચીને કાયમ કરવી.
3) અહવાલ વાચન
4) ઑડીટ થયેલ તારીખ 31-3-17 સુધીના રીપોર્ટને મંજુરી.
5) 2017-2018 ના અંદાજ- પત્રકને મંજુરી તેમજ કારોબારીની મિટીંગમા લેવાયેલા નિર્ણયોને મંજુરી આપવી.
6) 2017-2018 નાં વર્ષ માટે ઓડીટરની નેમણૂક કરવી
7) વ્યકતી વિશેષોનુ સન્માન.
8) એકમનાં ઉત્કર્ષને અનુલક્ષીને ઉપસ્થીત સભ્યોનું માર્ગદર્શનપર વકતવ્ય
9) પ્રમુખ સાહેબની મંજુરીથી ઐન સમયપર આવેલ વિષયોપર ચર્ચા વિચારણા તેમજ મંજુરી
10) કોરમના અભાવે મુલતવી રહેલ સભા તેજ દિવસે અડધા કલાકે પછી મળશે.

ટીપઃ- ઉતારા તથા જમવાની વ્યવસ્થા મિટીંગના સ્થળે રાખવામા આવેલ છે.

નોંધઃ વ્યવસ્થા સરળ થાય તે માટે આપનો મિટીંગના સ્થળે આવવાનો કાર્યક્રમ આઠ દિવસ પહેલા ખામગાંવના સરનામે જણાવશોજી.

**યુવાનોને ખાસ આવહાન- વધુ થી વધુ સંખ્યામા હાજર રહે.**

**કાર્યક્રમ સ્થળ-**
શા. દેવજી ખિમજી મંગલ કાર્યાલય
સ્ટેટ બેંક પાસે, બાલાજી પ્લૉટ
ખામગાંવ-444303


લી.
શ્રી. કચ્છી દશા ઓસવાલ જૈન મહારાષ્ટ્ર એકમ
માનદ મંત્રી
**દિપક દામજી પોલડીયા (ફૈજપૂર)**

ટીપઃ ૧) સામાન્ય સભાની મિટીંગમાં કોઈપણ ઠરાવ મુકવો હોય અને જે કોઈ પ્રશ્નો પુછવા હોય તે સર્વ લેખી માનદ મંત્રીશ્રીને મિટીંગની તારીખ પહેલા આઠ દિવસ આગાઉ મળી જાય તે રીતે મોકલી આપવા વિનંતી

૨) કારોબારી સમિતીની મિટીંગ ૧૬/૦૯/ના રાતના૭.૩૦ કલાકે રાખવા માં આવેલ છે.

## ધર્મ સંદેશ - ૧૦૬

રચયિતા : જયકાંત મોતા - ઘાટકોપર (તેરા)
૯૮૧૯૬ ૨૮૩૮૨



**આડી ચાવીઓ -**

૧) આ લેશ્યાવાળો જીવ ખુબજ જીવોની હિંસા કરે (૨)
૪) દિક્ષા (૩)
૬) પાંચપહાડો નું એક તીર્થ (૪)
૧૦) દેરાસરનું એક ઉપકરણ (૩)
૧૧) મનુષ્ય સિવાયના જીવોને કહેવાય(૩)
૧૨) રાજા કુમારપાળનું નામ શેમાં આવે છે (૩)
૧૩) રંગે રમો આનંદે રમો આજ દેવ — ઓ રંગે રમો (૨)
૧૪) આઠકર્મોમાં નું એક (૬)
૧૫) ચંદ્રપ્રભુના પિતાનું નામ (૪)
૧૮) લક્ષ્મી(૧)
૧૯) ગુરૂનો પરિવાર (૨)
૨૧) આ નદી કિનારેના શહેરમાં દુ:ખભંજન પાર્શ્વનાથ આવેલ છે (૨)
૨૨) — અને જ્ઞાન (૨)
૨૩) — નાથનો પહેલો ભવ વિમલવાહન રાજા હતો (૩)
૨૪) શત્રુંજય ઉપર રાયણ પગલે પ્રભુની — પાદુકા છે (૩)
૨૬) એક તિર્યંચ જીવ (૨)
૨૭) દરેક ધર્મની મંજીલ એકજ છે પણ — અલગ અલગ છે (૨)
૨૮) — જીવોને ખમાવવું એટલે ક્ષમાપના (૨)
૨૯) જે તિર્થંકરના માતાપિતાનું નામ એકજ છે (૫)

**ઊભી ચાવીઓ -**

૧) એવા કામ કરીએ કે હમેશા પ્રભુની — આપના ઉપર છાયી રહે(૨)
૨) — નું પ્રતિક્રમણ એટલેદેવષિ (૨)
૩) મંદસોરમાં આવેલ ૧૦૮ માંના એક પાશ્ર્વનાથ (૨)
૫) છકાયમાંના એક જીવ (૬)
૬) જેને નેમનાથ ગૃહસ્થાશ્રમમાં પરણવા ગયા હતા(૪)
૭) — ચૈત્ય એટલે ઘર દેરાસર (૨)
૮) આ તીર્થંકરના બે નામ છે (૪)
૯) એક તીથિ (૩)
૧૦) ગતિ કેટલી ? (૨)
૧૨) તીર્થંકરોની વાણીનું સંકલન (૩)
૧૩) સંધ્યાકાળનું પ્રતિક્રમણ (૩)
૧૪) કેવળજ્ઞાન ન થાય ત્યાંસુધી — લેવું પડે (૨)
૧૬) ત્રિશલા માતાનું એક સ્વપ્ન (૨)
૧૭) — પ્રભુ નામ છે તારું (૫)
૧૯) તિર્યંચ એ એક — છે (૨)
૨૦) સાધુ મહાત્માની ભિક્ષા (૩)
૨૧) આ મુક્તજીવન જીવવા ધર્મનું શરણ લો (૨)
૨૨) — જી, મધ્યપ્રદેશનું એક તીર્થ (૨)
૨૩) અંધારી તીથિ (૩)
૨૫) ધર્મમાં એવા — બની પ્રભુને પામો (૨)
૨૬) પર્યુષણ એ જૈન સંપ્રદાયનું મહા — છે (૨)

<u>ઉકેલ :</u> **આડી ચાવીઓ -**

(૧) કૃષ્ણ (૪) પ્રવજ્યા (૬) રાજગૃહી (૧૦) ચામર (૧૧) તિર્યંચ (૧૨) આરતી (૧૩) દેવી (૧૪) જ્ઞાનવરણીય (૧૫) મહાસેન (૧૮) શ્રી (૧૯) ગચ્છ (૨૧) તાપી (૨૨) મતી (૨૩) અજીત (૨૪) ચરણ (૨૬) પક્ષી (૨૭) રીત (૨૮) સર્વ (૨૯) શ્રેયાંસનાથ

**ઊભી ચાવીઓ -**

(૧) કૃપા (૨) સાંજ (૩) વહી (૫) વનસ્પતિકાય (૬) રાજિમતિ (૭) ગૃહ (૮) મહાવીર (૯) પાંચમ (૧૦) ચાર (૧૨) આગમ (૧૩) દેવસિ (૧૪) જ્ઞાન (૧૬) હાથી (૧૭) અનંતનાથ (૧૯) ગતિ (૨૦) ગોચરી (૨૧) તાણ (૨૨) મક્ષી (૨૩) અમાસ (૨૫) રત (૨૬) પર્વ

# મંદિર : પૈસા ખર્ચનાર શેઠનું કે પથ્થર તોડનાર સર્જકનું ?

- ચંદ્રકાંત બક્ષી



મંદિર અને મૂર્તિ વિનાના કોઈ ભારતવર્ષની કલ્પના થઈ શકતી નથી. મંદિરનું એક સ્થાપત્ય હોય છે. મૂર્તિનું એક શિલ્પ છે. આ શિલ્પ બનાવવાનું એક સૌંદર્યશાસ્ત્ર છે. ભારતીય હિંદુ વાસ્તુકલા, શિલ્પકલા, મૂર્તિકલા, સ્થાપત્યકલાનું સ્થાન વિશ્વની પ્રાચીનતમ અને શ્રેષ્ઠતમ કલાઓમાં છે. કાશ્મીરથી કન્યાકુમારી સુધી મંદિરો પથરાયેલાં પડ્યાં છે. દરેક નગર, દરેક ગ્રામ, દરેક કસબામાં, ભગ્ન કે ખંડિત મૂર્તિઓ સર્વત્ર છે, બર્બર-તુર્ક-પઠાન આક્રમકો અને ધર્માંધ અને વહશી મુઘલ બાદશાહોને મંદિરો-મૂર્તિઓની જે અમર્યાદ તોડફોડ કરી છે એ પણ કાશ્મીરથી કન્યાકુમારી સુધી ફેલાયેલી છે. યૂરોપીય ઈતિહાસે આવી જંગલી પ્રજા માટે 'વેન્ડાલ' અને એ વિનાશ માટે 'વેન્ડેલિઝમ' શબ્દો વાપર્યા છે.

ગ્રીસના ઈતિહાસમાં એક અદ્‌ભુત પ્રસંગ આવે છે. ઈ.સ. પૂર્વે ૪૦૪માં (આજથી લગભગ ૨૪૦૦ વર્ષો પહેલાં) એથેન્સ હાર્યું ત્યારે સ્પાર્ટાના સેનાપતિઓએ સૂચન કર્યું કે એથેન્સ નગરને બિલકુલ ધરાશાયી કરી નાખવું જોઈએ અને એથેન્સની પ્રજાને ગુલામો તરીકે વેચી નાખવી જોઈએ. એથેન્સે સ્વયં ભૂતકાળમાં હારેલી પ્રજાઓ સાથે આ વ્યવહાર કર્યો હતો. પણ સ્પાર્ટાએ નિર્ણય લીધો કે ગ્રીસે જગતને આટલું બધું આપ્યું છે માટે આ મનુષ્યસંસ્કૃતિનો નાશ ન થવો જોઈએ! એથેન્સને સ્પાર્ટાએ જીવતું રાખ્યું. આજે સ્પાર્ટા જગતના પટ પરથી ભૂંસાઈ ગયું છે, પણ એથેન્સ જીવે છે, કારણ કે સ્પાર્ટાએ એને જીવતદાન આપ્યું હતું.

બીજા વિશ્વયુદ્ધ સમયે જર્મનો રોમમાં હતા અને બ્રિટિશ-અમેરિકન સેનાઓ રોમની બહાર હતી. જગત વિસ્ફારિત આંખે જોઈ રહ્યું હતું - રોમમાં યુદ્ધ થશે તો બે અઢી હજાર વર્ષની યુરોપીય સંસ્કૃતિ, મહાન વેટિકન, મહાન સ્થાપત્યો, શિલ્પો, ચિત્રો, ધાર્મિક પરંપરા બધું જ નષ્ટ થઈ જશે! હિટલરનો સેનાપતિ ફિલ્ડ માર્શલ કેસલરિંગ હતો, જે કલારસિક હતો, હિટલરે આદેશ આપ્યો. અડતાળીસ કલાક સુધી બંને દુશ્મનોએ શાંતિ રાખી કે જેથી જર્મનો પીછેહઠ કરીને પાછળ પર્વતોમાં ચાલ્યા જાય, અને બ્રિટિશ-અમેરિકન સૈનિકો રોમમાં પ્રવેશ કરીને કબજો લઈ લે! અને એ રીતે જ બન્યું, હિટલરે રોમના અવશેષો અને ભગ્નાવશેષોને ખતમ થવા દીધા નહીં. આજે રોમની ઐતિહાસિકતા સચવાઈ છે કારણ કે બંને પક્ષો શત્રુઓ હતા પણ બર્બર કે વહશી કે વેન્ડાલ કે જંગલી ન હતા.

*ઘટમાં ઘોડાં થનગને, આતમ વીંઝે પાંખ; અણદીઠેલી ભોમ પર યૌવન માંડે આંખ:*
*આજ અણદીઠ ભૂમિ તણે કાંઠડે, વિશ્વભરના યુવાનોની આંખો અડે;*
*પંથ જાણ્યા વિના પ્રાણ ઘોડે ચડે, ગરુડ-શી પાંખ આતમ વિશે ઊઘડે.*
*કેસરિયા વાઘા કરી જોબન જુદ્ધ ચડે; રોકણહારું કોણ છે ? કોનાં નેન રડે ?*

હિંદુસ્તાનનો ઈતિહાસ વર્ષો સુધી, દશકાઓ સુધી, શતાબ્દીઓ સુધી આ બર્બર મૂર્તિખંડનના વેન્ડેલિઝમમાંથી પસાર થતો રહે છે. ધર્મ અને આસ્થા એક તરફ રાખીએ, પણ આક્રમક વર્ગ સૌંદર્યનો પણ શત્રુ હતો એ સત્યને કેમ નકારી શકાશે ? ભારતના ઈતિહાસને ૨૫૦૦ વર્ષ પહેલાંના સ્પાર્ટાનો ૫૦ વર્ષ પહેલાંનો હિટલર પણ મળ્યા નહીં. કદાચ બે વિરોધી સંસ્કૃતિઓ ઈતિહાસના ચૌરાહા પર સામસામી ટકરાઈ ગઈ હતી; એ વિશ્વસંસ્કૃતિનું દુર્ભાગ્ય હતું. એક સૌંદર્યની ભાવક હતી, બીજી સૌંદર્યની ભંજક હતી. એક સૌંદર્યવાદી હતી, બીજી સૌંદર્યવિરોધી હતી. એક મૂર્ત હતી, બીજી અમૂર્ત હતી.

મૂર્તિ ભારતીય છે અને પ્રાચીન હિંદુઓએ એનું એક પૂર્ણ શાસ્ત્ર વિકસાવ્યું હતું. મુઠ્ઠીનો ચોથો ભાગ આગળ હતો અને બાર આગળનો એક તાલ બનતો હતો. મૂર્તિ પાંચ, છ, બાર, સોળ કે વધારે તાલની બનતી હતી, બાલમૂર્તિથી અસુરમૂર્તિ સુધી એનો વ્યાપ હતો. મનુષ્યમૂર્તિની મુખાકૃતિ હોય ? મુર્ગીનાં ઊંધા ઈંડા જેવી ગોળ અથવા પીપળાના ઊંધા પાન જેવી. કપાળ એટલે ? માથાના કેશથી ભવાં સુધીનો ભાગ તે લલાટ અથવા કપાળ છે. અને એનો આકાર ધનુષ્ય જેવો કહ્યો છે. ભવાં વિશે કેવી કલ્પના છે ? પુરુષમૂર્તિમાં લીમડાનાં પાંદડાં જેવાં અને સ્ત્રીમૂર્તિમાં ધનુષ્યાકાર. આંખો વિશે ઘણી ઉપમાઓ છે. અસ્થિરતાથી મર્દન સુધી ઘણા ભાવ એમાં પૂરી શકાય છે. આંખો હરણ જેવી, માછલી જેવી હોય છે. કમળ જેવી હોય છે, ખંજન પક્ષી જેવી હોય છે. કાનનો આકાર કેવો હોય છે ? 'લ' વ્યંજન સાથે કાનને સરખાવ્યો છે. કાન ગીધની ઊંચી કરેલી પાંખના આકારનો છે. નસકોરાં ચોળાના દાણા જેવાં છે. નાસિકા તલના ફૂલ જેવી છે. હોઠ ગલગોટાના ફૂલ જેવા છે. ચિબુકને કેરીની ગોટલીની કક્ષામાં મુકાઈ છે. કાન અને ચિબુક જડ છે. ભવાં, નસકોરાં, આંખો અસ્થિર છે, જીવંત છે, ચેતન છે.

આ હિંદુઓ - સૌંદર્યશાસ્ત્ર છે. આ અદ્‌ભુતનો પ્રાંત છે. સ્તનોના અગ્રભાગની શ્યામતા અને નાભિભાગનું પણ ધ્યાન રખાયું છે. સ્ત્રીના દેહવર્ણનમાં પ્રાચીન કવિઓ સ્ત્રીની નાભિની ઉપરથી જે હલકી રોજરાજિ ઉપર તરફ ઊઠે છે, એને પણ શબ્દસ્થ કરી શકે છે. શિલ્પીઓ એ દેહના દરેક ભાગ વિશે વિચાર કર્યો છે. ગળા માટે ત્રણ રેખાવાળા શંખના ઉપરી ભાગને આદર્શ ગણ્યો છે. ગળું અને શંખ બંનેમાંથી સ્વર અને ધ્વનિ સ્ફુરે છે. દેહ ગોમુખ જેવો છે. કટિ કે કમર સિંહ જેવી છે. છાતી બંધ દ્વાર જેવી છે. હાથ હાથીની સૂંઢ જેવા છે. (આર્યો ભારતમાં પ્રવેશ્યા ત્યારે તેમણે એક વિરાટ પ્રાણી જોયું જે એક હાથથી બધું જ કરી શકતું હતું. એ હાથવાળા પ્રાણીને એમણે નામ આપ્યું હાથી!) ખભા હાથીના માથા જેવા છે. સ્ત્રીનું શરીર ડમરું જેવું છે (આપણા પૂર્વજો પણ ૩૬-૨૪-૩૬ના વાઈટલ સ્ટેટસ્ટિક્સ વિશે સજાગ હતા, અત્યાધુનિક હતા). શિલ્પશાસ્ત્ર ઉપમાઓના આધાર પર આગળ ચાલે છે. કોણીથી હથેળી સુધીનો હાથ કુમળા કેળના છોડ સાથે સરખાવ્યો છે.

*કોઈ પ્રિયજન તણાં નેન રડશો નહિ! યુદ્ધ ચડતાને અપશુકન ધરશો નહિ!*
*કેસરી વીરના કોડ હરશો નહિ! મત્ત યૌવન તણી ગોત કરશો નહિ!*
*રગરગિયાં-રડિયાં ઘણું, પડિયાં સહુને પાય; લાતો ખાધી, લથડિયાં - એ દિન ચાલ્યા જાય;*
*લાત ખાવા તણા દિન હવે ચાલિયા, દર્પભર ડગ દઈ યુવકદળ હાલિયાં;*

આંગળીઓ ચંપાની કળીઓ જેવી છે. સાથળો ? સાથળો કેળના થડ જેવી છે. ઘૂંટણ ? ઘૂંટણ કરચલાની પીઠ જેવી છે. પિંડી અને નીચેના પગ મત્સ્યાકાર છે. પગની આંગળીઓ કમળની ખૂલતી ખૂલતી પાંખડીઓ જેવી હોવી જોઈએ. અને આ બધાની સાથે ભાવ છે, ભંગિમા છે.

દેહભંગ માટે પણ શિલ્પ અને નૃત્યશાસ્ત્રોમાં સ્પષ્ટતા છે. દેહના બંને ભાગો સરખા હોય છે. સમભંગની મુદ્રા છે. મૂર્તિની ગતિને ત્રણ ભાગમાં તોડાય છે એ ત્રિભંગની મુદ્રા છે. દેવીઓ અને યુગલો આ ત્રિભંગમાં હોય છે. તાંડવનૃત્ય કે યુદ્ધરત મૂર્તિ અતિભંગમાં હોય છે. અને અંતિમ મૂર્તિ, અંતિમ ભંગિમા છે: આભંગ! આ મૂર્તિ સાધુપુરુષની છે, બોધિસત્ત્વની છે, વિદ્વાનની છે, પ્રબુદ્ધની છે. આભંગ મુદ્રામાં મૂર્તિનું મસ્તક જમણી તરફ જરા ઝૂકેલું રહે છે.

કદાચ આપણા સાંસ્કૃતિક ઈતિહાસની સૌથી મોટી કરુણતા એ છે કે આવું દૈવી સૌંદર્ય પ્રકટ કરનારા આપણા અમર સ્થપતિઓ-શિલ્પીઓ અનામ રહ્યા છે. આપણે એમનાં નામો પણ જાણતા નથી. આ હિંદુ સંસ્કૃતિ અને ભારતીય સંસ્કૃતિની એક વિષમતા છે. અંજટા-ઈલોરા કોણે બનાવ્યાં ? ખજૂરાહો અને બેલુર-હલાબીડ કોણે બનાવ્યાં ? કોણાર્ક અને મહાબલિપુરમના સ્થપતિ કોણ હતા ? દેલવાડા અને રાણકપુરનાં મંદિરોના સર્જકો કોણ હતા ? દ્વારકા, રામેશ્વરમ, જગન્નાથપુરી કદાચ વધારે પ્રાચીન હશે. પણ વિમળ શાહના દેહેરાં કે હઠીસિંહનું દેહરું કે બિરલા મંદિર જેવાં શ્રેષ્ઠી નામોવાળાં મંદિરો ભારતમાં જ હશે. પ્રશ્ન જરા વેધક છે : મંદિર કોનું હોય છે, જે પૈસા ખર્ચીને બંધાવે છે એનું કે જે સ્થપતિ, શિલ્પી, કલાકાર પથ્થરમાંથી મૂર્તિ બનાવે છે અથવા શૂન્યતામાંથી સર્જન કરે છે એનું ? અહીં યુરોપીય અને ભારતીય સંસ્કૃતિઓનો ભેદ બહુ સ્પષ્ટ થઈ જાય છે. આપણો સમાજ હંમેશાં વૈશ્યપૂજક કે શેઠપૂજક રહ્યો છે ? આ સમાજમાં કેવું બંધારણ છે જ્યાં શેઠ ઉપર અને કલાકાર નીચે છે ? આપણા મહાન કવિઓ, નાટ્યકારો, મહાન ગાયકોનાં નામો આપણી પાસે છે પણ મહાન શિલ્પીઓ કે મહાન સ્થપતિઓનાં નામોથી આપણે અપરિચિત છીએ. પથ્થર કે આરસ પર કામ કરનારો શુદ્ર હતો એ કારણ હશે ? કે પછી આપણી સંસ્કૃતિ જ ધનપૂજક છે અને કલાપૂજક નથી ? પશ્ચિમમાં આવું નથી.

યુરોપમાં મહેલો, ચર્ચો, કિલ્લાઓ, મઠો બન્યાં. લંડનના સેંટ પોલ્સ કથીડ્રલને માટે હંમેશાં કહેવાય છે કે આ સર ક્રિસ્ટોફર રેનનું નિર્માણ છે. ઈંગ્લૅન્ડના વ્હાઈટ હૉલનું બેંકવેટ-હાઉસ સન ૧૬૧૯માં સ્થપતિ ઈનીગો જોન્સે બનાવ્યું હતું. પુનર્જાગૃતિના યુરોપમાં શિલ્પી-સ્થપતિઓનાં ડઝનબંધ નામો છે. ફ્લોરેન્સને લિબર્ટી અને દોતેલોએ બનાવ્યું છે. ફ્લોરેન્સના અતિધનાઢ્ય મેડિસી પરિવારને કોણ ઓળખે છે ? એણે કેટલું બધું વિશ્વસંસ્કૃતિને આપ્યું છે ? પણ જગત એણે પોષેલા એક ગરીબ પરિવારના બીજા પુત્રને ઓળખે છે જે ૬ઠ્ઠી માર્ચ ૧૪૭૫ને દિવસે જન્મ્યો હતો. એણે કહ્યું

**(અનુસંધાન પાના નં. ૧૮ ઉપર)**

*માગવી આજ મેલી અવરની દયા, વિશ્વસમરાંગણે તરુણદિન આવિયા.*
*અણદીઠાંને દેખવા, અણતગ લેવા તાગ, સતની સીમો લોપવા, જોબન માંડે જાગ:*
*લોપવી સીમ, અણદીઠને દેખવું, તાગવો અતલ દરિયાવ - તળિયે જવું,*
*ઘૂમવા દિગ્દિગંતો શૂળી પર સૂવું: આજ યૌવન ચહે એહ વિધ જીવવું.*
*- ઝવેરચંદ મેઘાણી*

સમાચાર સંકલન — સંસ્થા સમાચાર · જ્ઞાતિ સમાચાર · વતન સમાચાર

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### વતનનાં વહેણ

## અનરાધાર વરસાદ આશીર્વાદરૂપ અબડાસાના પાતાળ પાણી ૫ થી ૧૫ ફૂટ ઊંચાં આવ્યાં

અબડાસા તાલુકામાં છેલ્લા ત્રણેક વર્ષથી અનિયમિત અને ઓછા વરસાદના પગલે બોર આધારિત ખેતીને અસર પહોંચી હતી એટલું જ નહીં ભૂગર્ભ જળ ઊંડાં ઊતરતાં ખેડૂતોને લગભગ દર મહિને બોરની મોટર ૧૫ થી ૨૦ ફૂટ નીચે ઉતારવી પડતી હતી. પણ ચાલુ વર્ષ મેઘરાજાએ અબડાસાનાં ઘણા બધા ગામો પર મહેર કરતાં ભૂગર્ભ જળ ૫ થી ૧૫ ફૂટ ઉપર આવ્યાં છે. એટલું જ નહી પાતાળી પાણીમાં ક્ષારનું પ્રમાણ પણ ઘટ્યું છે. જેના પગલે આગામી સમયમાં પિયત ખેતીને ફાયદો થશે તેવું ખેડૂતો જણાવી રહ્યા છે.

તાલુકામાં ૩૦ થી ૩૫ ગામોમાં પિયત ખેતીનો સારો વિકાસ થયો છે. પંદરેક હજાર બોર દ્વારા અબડાસામાં દોઢથી બે લાખ એકર જમીન વિસ્તારમાં બોર આધારિત ખેતી થાય છે. જેમાં ખરીફ પાકમાં મુખ્યત્વે કપાસ અને રબી પાકમાં ઘઉંનું વાવેતર કરાતું હોય છે. પણ ઉપરા ઉપરી સતત ૩ વર્ષ દરમ્યાન ચોમાસું નિષ્ફળ જવાનાં પગલે ભૂગર્ભ જળ દિન પ્રતિદિન નીચે જતાં બોર આધારિત પિયત ખેતી માટે ગંભીર ખતરો ઊભો થયો હતો. પણ ચાલુ સાલે કુદરતે મહેર કરતાં ઘણા બધા વિસ્તારોમાં ભૂગર્ભ જળ ૫ થી ૧૫ ફૂટ ઉપર આવ્યાં છે.

તાલુકામાં ચાલુ વર્ષ ૧૦ થી ૩૦ ઈંચ જેટલો વરસાદ થવાના પગલે ઘણા બધા ગામ અને સીમનાં તળાવ જળાશયો છલકાઈ ગયા છે. જોકે તાજેતરના વરસાદમાં વરસાદનું જોર દરેક ઠેકાણે સરખે સરખું ન હોતાં ઉપરવાસમાં વરસાદની માત્રા ઓછી હોવાના પગલે અબડાસાની મધ્યમ સિંચાઈ યોજનાઓ બેરાચિયા, કનકાવતી, જંગડિયા છલકાઈ નથી તેમ છતાં નાની સિંચાઈના ઘણા બંધ અને બંધારાઓ છલકાવાને પગલે ભૂગર્ભ જળ થોડા ઉપર આવ્યા છે. લાલા, સિંઘોડી, વિંગાબેર, પ્રજાઉં આસપાસના વિસ્તારમાં પણ ૧૦ થી ૧૫ ફૂટ જેટલું બોરનું પાણી ઉપર આવ્યું છે.

અબડાસાના લગભગ દર વર્ષે અનિયમિત, અપૂરતા વરસાદના કારણે ભૂગર્ભ જળ ઊંડા ઊતરવાની સાથે પાણીમાં ક્ષાર (ટી.ડી.એસ.)ની માત્રામાં પણ વધારો થાય છે. ખેતી તજજ્ઞ કુમાર સત્યમૂર્તિના જણાવ્યાનુસાર અબડાસામાં ૧૫૦૦ થી ૩૫૦૦ ટી.ડી.એસ. વાળું પાણી જુદા જુદા વિસ્તારની જમીનમાંથી મળે છે. સચરાચર વરસાદના પગલે પાણીમાં ખારાશનું પ્રમાણ ઘટ્યું છે. સરેરાશ ૧૦૦૦ ટી.ડી.એસ.નો ઘટાડો થયો છે. જેનો લાભ વર્ષ દરમ્યાન ખેડૂતોને મળશે. જો બોર રિચાર્જિંગ કરાય તો તેનો વધુ લાભ ખેડૂતોને મળી શકે.

વરસાદનું વહી જતું પાણી બોરમાં ઉતારી બોર રિચાર્જિંગ કરાય તો વધુ લાભ મળે. ભૂતકાળમાં સંસ્થાકીય રીતે બોર રિચાર્જિંગની પ્રક્રિયા અમુક વિસ્તારોમાં હાથ ધરાઈ હતી.

## નર્મદાનાં વધારાનાં નીર અબડાસા પહોંચશે

ગત ૧૮ ઑગસ્ટે સિંચાઈનાં નર્મદાનાં પાણીથી બાકાત રહી જતા અબડાસાવાસીઓને ધરપત આપતાં ભારત સરકારના કૃષિમંત્રી પુરુષોત્તમભાઈ રૂપાલાએ જણાવ્યું હતું કે, વધારાના એક મિલિયન એકર ફૂટ પાણી આવવાની શરૂઆત થઈ જતાં કચ્છનો કોઈ વિસ્તાર બાકી નહીં રહે. અબડાસાના હાજાપર ગામે એક સભામાં તેમણે એક કલાક સુધી શ્રોતાજનોને જકડી રાખ્યા હતા.

અત્યાર સુધીમાં રૂપિયા એક લાખ કરોડ નર્મદા યોજના પાછળ વપરાઈ ચૂક્યા છે. આ એક પવિત્ર નદી છે જેની પરિક્રમા થાય છે. એવી પવિત્ર નદીના નીર કચ્છમાં આવી પહોંચ્યા છે. નક્કી થયેલું પાણી જે કેનાલમાંથી વહે છે એ જ નહેર વડે વધારાનું પાણી પહોંચશે અને કચ્છના અબડાસા સુધીના ખેડૂતોને લાભ મળશે એ દિશામાં સરકાર કામ કરે છે તેવી તેમણે ઘોષણા કરી હતી.


ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)
મો. 098225 30391 મો. 088057 55551
યુ. કે. ખીમજી એન્ડ કું. હળદર - જનરલ વ્યાપારી
વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.

લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ
અવસર સારીઝ
* સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ
૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

## અલગ કચ્છની માગણી બુલંદ કરાશે

ભુજમાં ગત ૨૦મી ઑગસ્ટે કચ્છ ક્રાંતિ યાત્રાની મશાલનું મહારાવ પ્રાગમલજી ત્રીજાના હસ્તે દીપ પ્રાગટ્ય બાદ સભાના આયોજક પ્રફુલ્લ ગોસ્વામીએ જણાવ્યું કે, અલગ કચ્છની માગણીને બુલંદ કરાશે. ટૂંક સમયમાં નામાંકિત ફિલ્મી હસ્તીની ઉપસ્થિતિમાં જ્યુબિલી ગ્રાઉન્ડ ખાતે અને બાદમાં તાલુકા મથકોએ સભાનું આયોજન કરી કચ્છના વિકાસ માટે લોકોને જાગૃત કરી એક છત્ર નીચે લેવાશે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે હવે મ્યાનમાંથી નીકળેલી તલવાર કામ પૂરું કરીને જ પરત મ્યાનમાં આવશે.

ભુજના રણજિત વિલાસ મહેલના પ્રાંગણમાં આયોજિત સભામાં જીવનના નવેક દાયકાની મંજિલ કાપી ચૂકેલા મહારાવ પ્રાગમલજી ત્રીજા રજવાડી પાઘમાં વ્હીલચેરમાં બેસીને પણ કચ્છના વિકાસ માટેની યાત્રાને પ્રોત્સાહિત કરવા મંચસ્થ થઈ અધ્યક્ષીય સ્થાનેથી મશાલ પ્રાગટ્ય કરી સૌને સાથે રહી સહયોગી બનવા આશીર્વાદ આપ્યા હતા અને આ જાગૃતિના કદમને બિરદાવ્યું હતું.

મંચ પર કચ્છ ઈતિહાસ પરિષદના પ્રમુખ સાવજસિંહ જાડેજા, ભુજ આશાપુરા મંદિરના પૂજારી જનાર્દનભાઈ દવે, રજનીકાંતભાઈ જોશી, તેરા ઠાકોર પરિવારના કૃતાર્થસિંહ, હિન્દમાતા દાદરના પદયાત્રી સંઘના આયોજક દિનેશભાઈ ઉપસ્થિત રહ્યા હતા. સભામાં વિવિધ ક્ષેત્ર અને ગામના અગ્રણીઓ, પદાધિકારીઓ, મહિલાઓ સહિતના નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

## હાડકાંની નબળાઈમાં ઉપયોગી મુખવાસ

જેમનાં હાડકાં નબળાં પડતાં હોય, સ્નાયુઓમાં શિથિળતા આવી ગઈ હોય, જે બાળકોના હાથ-પગ ખૂબ દૂખતા હોય, તેમના-ગ્રોથ યર્સમાં તેમને પૂરતું પોષણ ન મળી રહ્યું હોય એમ લાગે ત્યારે આ મુખવાસ કામ લાગી શકે છે. તલ અને કોપરાની ખાસિયત એ છે કે એમાં રહેલું તેલ શરીરને પોષણ આપે છે. તલમાં ભરપૂર માત્રામાં કેલ્શિયમ, આયર્ન રહેલાં છે જે ઉપયોગી સાબિત થાય છે. તલનો મુખવાસ બનાવવા માટે ૨૫૦ ગ્રામ તલ, ૨૦૦ ગ્રામ કોપરું લો. કોપરાને છીણી લો. બન્નેને શેકીને મીઠું, હળદર, લીંબુ નિચોવીને બરણીમાં ભરી લો.


Parents of June 1986 Boy 5'8" 60 Kgs
**B.E.(ELEC), LLB, CS (EXE)**,
Employed Cumins Ltd (Tata) Satara / Pune.
**As Assistant G.M (Executive Sr. Manager)**
Package **22 Lakhs** invites proposals from parents of
**Educated or Uneducated Girls.**

**Contact : Vijay Devshi Dagha**
**0251-2448280, 2433621, 9773900239**


## ચક્ષુદાન, દેહદાનનો સંકલ્પ ઉજ્જૈનના સ્વ. વિનોદ ધરમશીના પરિવારે પૂરો કર્યો.



**સ્વ. વિનોદ ધરમશી**

આશરે ૧૮ વર્ષ અગાઉ સુથરી ગામના અને વર્ષોથી ઉજૈન રહેતા શ્રી વિનોદ રાયચંદ ધરમશી અને તેમના ધર્મપત્ની શ્રીમતી નીમાબેન R.D. Gardi Medical College, ઉજૈનમાં ચક્ષુદાન દેહદાનનો સંકલ્પ કરેલ. તાજેતરમાં તા. ૦૨ ઑગસ્ટ ૨૦૧૭ ના હાર્ટ એટેકથી વિનોદભાઈ (૭૮)નું દુઃખદ નિધન થયું. શોકગ્રસ્ત પરિવારજનોમાંના ધર્મપત્ની નિર્મલાબેન જૈ, સંજય, પંકજ અને પારુલ રાજેંદ્ર મોતાને સદ્‌ગત્‌ના દેહદાનનો સંકલ્પ યાદ આવતાં તેમણે એ મેડીક્લ કૉલેજમાં દેહદાન કરેલ છે. ઉજૈનની મેડીકલ કોલેજમાં દેહદાન માટે માનવ મૃતદેહો મળતા નથી તેવા સંજોગોમાં શિક્ષણક્ષેત્રે ઉપયોગી બનેલા મૃતદેહ બદ્દલ કોલેજના એનોટોમી વિભાગના વડા ડૉ. રવિ જૈને પરિવારનો હાર્દિક આભાર વ્યક્ત કર્યો હતો. ચક્ષુદાન દેહદાન કરનારા પરિવારજનોને હાર્દિક અભિનંદન.




આપને ત્યાંના શુભ પ્રસંગોને શોભાવવા ઢોલ તથા શરણાઈના જાણીતા અને માનીતા હાલારી ઢોલી
**સલીમ ભાઈ ઢોલી**
મો.: 093247 96076
093211 31232






### જૈન ઍલર્ટ ગ્રુપ (માંડવી કચ્છ)

**કુણાલ તિલકભાઈ ડાઘા** ગામઃ ગોએરસમાં દ્વારા હાલે માંડવી (કચ્છ) માં રહેતા જૈન ભાઈઓ તથા બહેનો માટે ૧૫૦ થી વધુ જૈન માઈનોરિટી સ્કૉલરશિમ ફોર્મ ભરવાની સેવા આપવામાં આવી.
કોઈ ને નેશનલ સ્કૉલરશિપ વિગતે કાંઈપણ પ્રશ્ન હોય તો કુણાલભાઈનો સંપર્ક સાધવો

**મો.: ૭૫૬૭૧ ૧૮૫૯૯ (રાતે ૮ થી ૧૦) વચ્ચે કરવો.**

**જન્મ**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૯-૦૭-૧૭ | ચિંચવડ (પૂના) | અર્પિત, કાજલ ગૌરવ કિશોર રતાણી | તેરા | પુત્ર |
| ૧૯-૦૮-૧૭ | ભરૂચ | શૌર્ય, બીજલ પ્રશાંત સુરેશ શાહ | જખૌ | પુત્ર |

**સગપણ**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૩-૦૮-૧૭ | કોઈમ્બતુર | દેવાંક ચિંતન ચીમનલાલ લાલકા | વારાપધર | ૨૬ |
| | બેલારી | પ્રિયંકા શરદ મેઘજી મૈશેરી | જખૌ | ૨૩ |

**મરણ**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૯-૦૮-૧૭ | અમ્બરનાથ | તારાચંદ શામજી વિકમશી | વારાપધર | ૫૪ |
| ૨૦-૦૮-૧૭ | આદીપુર | શાંતિલાલ ભવાનજી મોતા | કુઆપધર | ૭૮ |
| ૨૦-૦૮-૧૭ | ભાંડુપ | ભાગ્ય પંકજ દામજી ગોશર | ગોએરસમા | ૧૯ |
| ૨૧-૦૮-૧૭ | ડોમ્બીવલી | માણેકજી લાલજી દેવજી લાલકા | બાંઢીયા | ૯૨ |

## મંદિર: પૈસા ખર્ચનાર શેઠનું કે પથ્થર તોડનાર સર્જકનું ? (અનુસંધાન પાના નં. ૧૨ થી ચાલુ)

કે હું માત્ર શિલ્પી છું, વિશ્વ એને મહાન ચિત્રકાર તરીકે ઓળખે છે. એના પિતા ચીતરે એ સામે સખત ક્રોધ કરેલો. એનું નામ પાડ્યું હતું : મિચેલેગ્નીઓલો બોનાર્રોટી સિમોની! પણ આપણે માટે એ મિચેલેન્જેલો કે માઈલેન્જલો છે! સેંટ પીટર્સ ચર્ચનો વિરાટ ઘુમ્મટ અને અંદર ચીતરેલું અમર 'સિસ્ટીન ચેપલ...' કયા પોપે એ ચર્ચ બનાવવાના પૈસા ખર્ચ્યા હતા? મિચેલેન્જેલોને તો ફક્ત આ ચિત્ર ચીતરવા માટે ભાડે રાખવામાં આવ્યો હતો! વેનિસ કે ફ્લોરેન્સના ધનપતિઓના ધનથી આખું ઈટાલિયન સ્થાપત્ય ઊભું થયું છે પણ એમનાં નામો મશહૂર નથી. જે મશહૂર છે એ છે બ્રુનેલેશ્ચી એન ચેલિની અને લિયાનાર્દો દ' વીંચી અને મિચેલેન્જેલો...! યુરોપમાં વિમળ શાહ કે વસ્તુપાળ-તેજપાળ કે હઠીસિંહ કે બિરલાનાં મંદિરો નથી પણ મહાન સ્મારકો સાથે કલાકારોનાં નામો સંકળાયેલાં છે. જગતના બે સર્વશ્રેષ્ઠ મ્યુઝિયમો - પેરિસનું લુવ્ર અને લેનિનગ્રાદનું હર્મિતાઝ - જોવાના મોકા મને મળ્યા છે માટે હું મારી જાતને ખુશકિસ્મત સમજું છું. મનુષ્યના હાથ કેવાં દૈવી સર્જનો કરી શકે છે અને હજારો વર્ષોથી કરે છે એ મેં આ મ્યુઝિયમોમાં જોયું છે અને પશ્ચિમમાં સર્જકનું નામ જ કલાકૃતિ સાથે લાગે છે. પૈસા ખર્ચનારનું નહીં, એ જોયું છે. સર્જક જ જીવે છે, રૂપિયા લગાવનાર નહીં. પેરિસમાં અઢી હજાર વર્ષ પહેલાંના ફીડીઅન્સ અને પ્રેક્ષીટીલસનાં ભગ્નશિલ્પો છે જેમાંથી જગતભરના શિલ્પીઓએ પેઢીઓએ પ્રેરણા મેળવી છે. પણ એ મંદિર બનાવનાર રાજા કે શ્રેષ્ઠીનું નામ નથી. લેનિનગ્રાદમાં ફીડીઅન્સના શિષ્ય ક્રેસીલસનું શિલ્પ છે, સ્કોપાસ છે, લિસીપસ છે (અઢી હજાર વર્ષ પહેલાંના શિલ્પીઓ) પણ એમને ભાડે રાખનારા રાજા કે શેઠ કે ધર્મગુરુનું નામોનિશાન નથી. પેરિસના એફિલ ટાવરનો સ્થપતિ ગુસ્તાવ એફીલ હતો અને ન્યુયોર્કના સ્ટેચ્યુ ઑફ લિબર્ટીનો સર્જક ફ્રેંચ સ્થપતિ ઓગસ્તે બર્થોલ્ડી હતો અને આ બંને સ્થળો પર જઈને મેં જોયું છે કે સર્જકને એના સર્જન પાસે શું સ્થાન અપાય છે? પશ્ચિમમાં સર્જકનું નામ જોડવાની પરંપરા છે. ભારતમાં શેઠનું નામ જોડવાની પરંપરા છે. શા માટે? સૌંદર્યનું આ કયું શાસ્ત્ર છે?

* * *

# Hearty Congratulations

## લુઠીયા તથા લોડાયા પરિવારના ગૌરવ



ચિ. હાર્દિક વિજય લુઠીયા ગદગ મહાજન નો પ્રથમ સદસ્ય જેણે સિવીલ ઈજનીયરીંગ માં ઉર્ત્તિણ થયો છે.

ચિ. હેમિન વિજય લુઠીયા ગદગ નાં ઈતિહાસમાં લગભગ ૩૦ વર્ષના ગાળા બાદ **CA** થનાર બિજો સદસ્ય છે.



### બન્ને ને હાર્દિક અભિનંદન

માતા/પિતા - શ્રીમતી ઉષા - વિજય લુઠીયા ગદગ
દાદાણા - શ્રીમતી ગુણવંતીબેન પ્રવિણચંદ લુઠીયા (ગદગ-નાનીખાવડી)
નાનાણા - શ્રીમતી ચંપાબાઈ રાયચંદ લોડાયા (સિરસી - ગોરખડી)
9845101617, 8147302790

## શ્રી વીરજી લધાભાઈ વિદ્યાર્થીગૃહ ખાતે સ્વતંત્રતા દિવસની ઉજવણી તા. ૧૫.૮.૨૦૧૭



શ્રી શીવજીભાઈનું વક્તવ્ય



શેઠ હંસકુમારનું વક્તવ્ય


અહેવાલ અંદરના પાને



વિદ્યાર્થીસંઘની સ્થાપના દિવસની ઉજવણી


Panache
Fashion Boutique



મિચ્છામી દુક્કડમ્

READY MADE & CUSTOMISED

DESIGNER BLOUSES, GHARCHODAS, GOWNS, LAHENGAS, CAPES, SAREES, SUITS AND VARIETY OF DESIGNER FABRICS.

Shop No. 2A, Silver Birch Apt., Agrawal Road, Nr. Vasant Gardens, Opp. Golden Willows Tower, Mulund West, Mumbai - 400 080
PREETY RUPEN KHONA
Phone: 022 2164 2108 | +91 97697 78736
Panache Fashion Boutique  Panache Fashion Boutique  preetykhona@panacheonline.net
www.panacheonline.net



GLOBE TROTTERS

મિચ્છામી



દુક્કડમ્

GLOBE TROTTERS Proudly announces Diwali Holiday Departures on 22nd OCT 2017

DUBAI - 6N / 7D @ INR 74,999* + GST (all inclusive)
KERALA - 7N / 8D @ INR 39,999* + GST (all inclusive)
SINGAPORE + MALAYSIA - 6N/7D @ INR 69,999* + GST (all inclusive)
BHUTAN - 6N/7D @ INR 59,999* + GST (all inclusive)

* Above rates are per adult on twin sharing basis only

BOOKING OPENS FROM 1ST SEP TO 20TH SEP 2017

OUR SERVICES

- International and Domestic Flights
- International & Domestic Hotels and package tours
- International & Domestic Railway Bookings
- International Cruises
- Vehicle Rentals
- Travel Insurance Coverage Assistance • Visa Assistance
- Passport Assistance • Forex Assistance

* Conditions Apply

Mr. Ruppen Khhona : +91 8108080875
Mrs. Kuntal Rajan Khona : + 971 524796011

L.B.S. Marg, Mulund Check Naka, Next to Shilpa Hotel, Mulund (W), Mumbai - 400 080 | Maharashtra | India.
info@globetrotters.co.in  http://www.facebook.com  globetrotters.co.in

C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (28-08-17)
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2017
Posting : Tuesday/Wednesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

# મૃત્યુમાં અમૃતમ્ ગમય...

જન્મ
તા. ૪.૨.૧૯૩૦



દેહાંત
તા. ૩૦.૮.૨૦૦૭

## શ્રી સનત નરપાર શાહ

માતુશ્રી દમયંતી સનત શાહ પરિવાર (મોટી સિંધોડી - સાયન, મુંબઈ)

**શ્રી પારોલા તીર્થે શ્રી શાંતિનાથજી જિનાલયે કલ્પસુત્ર પોથીના વરઘોડાની (૨૨.૦૮.૨૦૧૭) તસ્વીરો :**
**લાભાર્થી : માતુશ્રી ચંદનબેન નારાણજી નાગડા પરિવાર (જલગામ)**









if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001. **Editor : Raichand R. Nagda**

To,